વર્ષ-૧૧ અંક-૬
જૂન - ૨૦૧૯
છૂટક અંક રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

SGVP દ્વારા આયોજિત વચનામૃત પર્વ પ્રસંગે ઉપસ્થિત સંતો-ભક્તજનો તથા વચનામૃત ગ્રંથનું પૂજન કરતા પૂજ્ય લાલજી મહારાજ તથા સંતો, વડતાલ

પ્રથમ પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતિ દર્શન, વિરપુર

સત્સંગ સભામાં ઉપસ્થિત પૂજ્ય બાલકૃષ્ણસ્વામી તથા ભક્તજનો, મૌલી

ઓલ ઇન્ડિયા કેરટોબોલ ટૂર્નામેન્ટની પૂર્ણાહુતિ પ્રસંગે
ઉપસ્થિત પૂજ્ય સંતો તથા મહાનુભાવો, રીબડા ગુરુકુલ

પૂજ્ય સંતોના સાંનિધ્યમાં સત્સંગ સભા, દ્રોણેશ્વર ગુરુકુલ

ગઢપુર ધામને આંગણે પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજની સ્વાગત સભામાં દીપપ્રાગટ્ય કરતા સદ્‌ગુરુ સંતો
તથા સભામાં ઉપસ્થિત હજારો સંતો-ભક્તજનો

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૧, જૂન : ૨૦૧૯, અંક : ૬

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂ. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂ. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂ. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફીસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

ગુરુ બિન જ્ઞાન કોઉ નહિ પાયો...

. . . . . .

ગુરુ બિન જ્ઞાન કોઉ નહિ પાયો...ટેક.

શુક નારદ સીખે સદ્‌ગુરુ સે,
જબ વર્ણાશ્રમ માન મિટાયો...ગુરુ૦ ૧

શ્રીમુખ સાખ દઇ સદ્‌ગુરુ કી,
લખચોરાસી સધ છોડાયો...ગુરુ૦ ૨

સંત અનંત કે કારજ સીધે,
જબ ગુરુ ગોવિંદ એક જનાયો...ગુરુ૦ ૩

દાસ મુકુંદ વાસ ગુરુ ચરને,
જીનકી કૃપા સે ભરમગઢ ઢાયો...ગુરુ૦ ૪



અખંડ વૃત્તિ એટલે....
કઠણમાં કઠણ સાધન

- પાર્ષદ શામજી ભગત

ભગવાનનાં સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી એ સૌથી અઘરી બાબત ગણાય છે, કારણકે માનવમનનો સ્વભાવ અતિ ચંચળ છે. ચંચળતા સમજવા માટે વાંદરાનું દૃષ્ટાંત આપવામાં આવે છે. આપણું મન વાંદરા જેવું છે. વાંદરો થોડીવાર પણ સ્થિર બેસી શકતો નથી, એ જ રીતે મનુષ્યનું મન પણ ક્ષણે ક્ષણે વિચાર બદલતું જ રહે છે. તેથી આ ચંચળ મનને સ્થિર કરવાનું દરેકને ખૂબ જ કઠિન લાગે છે, પરંતુ અતિ ચંચળ વાંદરાને પણ મદારી તાલિમ આપીને પોતે ધારેલા ખેલ કરાવે છે. એ જ રીતે ભગવાનના ભક્ત વચનામૃતમાંથી અખંડ વૃત્તિ અંગેના વચનામૃતોનો અલગ સ્વાધ્યાય કરીને પોતાનાં મનને ભગવાનના સ્વરૂપમાં સ્થિર રાખી શકે છે.

અખંડ વૃત્તિ એક અનુભવ પામવા જેવો પ્રયોગ છે, જે મુમુક્ષુ સાધકને અનુકૂળ આવે તેવો છે, અન્યથા આવી વાતો આજના સમયમાં હાસ્યાસ્પદ લાગશે.

વચનામૃત દ્વિશતાબ્દી પ્રસંગે આપણે સૌ શ્રીજી મહારાજના આશ્રિત તરીકે વચનામૃતનો મહિમા સમજીને વચનામૃતના પાઠ-અનુષ્ઠાન કરી રહ્યા છીએ. તેમાંથી જો એકાદ પ્રયત્ન આ પ્રકારના પ્રયોગ માટે કરવામાં આવે તો ખરા અર્થમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ આપણે પોતે ઉજવ્યો કહેવાય.

સૌપ્રથમ અઘરું છે એમ માનીને છોડી દેવું નહીં, પરંતુ અઘરું છે એમાં જ રહસ્ય છે, એમાં જ શ્રેષ્ઠ પ્રાપ્તિ છે એવું આ પ્રયોગ કરનારાને થોડા જ સમયમાં સમજાઈ જાય તેમ છે. તેથી મુમુક્ષુ સાધકોને ઉપયોગી એવો આ પ્રયોગ વિવિધ વચનામૃતોના સ્વાધ્યાયને આધારે અહીં પ્રગટ કરી રહ્યા છીએ.

સૌપ્રથમ આ પ્રયોગ કરવા ઇચ્છતા ભક્તજને અખંડ વૃત્તિમાંથી 'અખંડ' શબ્દ દૂર કરીને માત્ર 'વૃત્તિ' ભગવાનના સ્વરૂપમાં રાખવાનો અભ્યાસ પોતાની અનુકૂળતા મુજબ શરૂ કરવો.

શ્રીજી મહારાજના આશ્રિત ત્યાગી અથવા ગૃહસ્થ તરીકે આપણે દરરોજ પૂજા અને માનસીપૂજા કરતા હોઈએ ત્યારે પાંચ મિનિટથી શરૂ કરીને પંદર મિનિટ સુધી ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવાનો અને સ્વામિનારાયણ મહામંત્ર ધીમે ધીમે જપવાનો અભ્યાસ ચાલુ કરવો.

હરિનામ સ્મરણ સાથે બહાર અથવા અંદર ભગવાનનાં સ્વરૂપનું દર્શન કર્યા કરવું એનું નામ ભગવાનનાં સ્વરૂપમાં વૃત્તિ રાખી કહેવાય અને વચનામૃત પ્રમાણે તેને અંતરદૃષ્ટિ કરી કહેવાય.

અંતરદૃષ્ટિ એટલે જગતના પદાર્થોમાંથી મનની વૃત્તિને પાછી ખેંચીને ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું, બહાર ભગવાનની મૂર્તિ સામે જોઈ રહેવું અથવા આંખો બંધ કરીને મનથી અંતરમાં-હૃદયઆકાશમાં ભગવાનની મૂર્તિનું દર્શન કરવું - એનું નામ અંતર્દૃષ્ટિ કહેવાય છે. ભગવાનમાં વૃત્તિ રાખવા માટે પ્રારંભમાં આ રીતે અંતરદૃષ્ટિનો અભ્યાસ ખૂબ જ ઉપયોગી થાય છે. માટે શરૂઆતમાં અંતરદૃષ્ટિનો ખૂબ અભ્યાસ કરવો.

આ રીતે અંતરદૃષ્ટિનો અભ્યાસ પંદર મિનિટ સુધી ચાલે તે ખૂબ જ સારી નિશાની ગણાય. પોતે જ પોતાનું નિરીક્ષણ એટલે કે આત્મનિરીક્ષણ કરીને તપાસ રાખવી કે ખરેખર અંતરદૃષ્ટિ કરતી વખતે ભગવાનનાં સ્વરૂપમાં મન રહે છે કે નહીં?

જો ભગવાનમાં મન રહેવા લાગે તો ધીમે ધીમે ટેવ પડતી જશે અને કચારેક કચારેક ભગવાનનાં સ્વરૂપનાં દર્શનનો અને ભજનનો

આનંદ આવવા લાગશે, તેથી જીવમાં રસ પેદા થશે.

જો જીવને રસ પેદા થાય, એટલે કે ભગવાનનાં સ્વરૂપમાં વૃત્તિ રાખવાનું જીવને ખૂબ જ ગમવા લાગે એટલે મન પણ તેમાં ભળી જાય છે, કારણ કે મન છે તે જીવનું મિત્ર છે. મિત્રની વાત મિત્રને મનાઈ જાય છે. તેથી જો મન આ સ્વીકારવા લાગે એટલે ભગવાનમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ આપોઆપ આગળ વધવા લાગશે.

અંતરદૃષ્ટિવાળા ભગવાનના ભક્ત હંમેશાં ભગવાનની મૂર્તિને ખોળતા હોય છે, એટલે તેમની આંખો સ્થિર અને નમ્ર હોય છે. અર્થાત્ તેમની આંખોમાં ચંચળતા હોતી નથી તેમજ તેમના વ્યવહારમાં પણ વ્યગ્રતા દેખાતી નથી.

આ રીતે અંતરદૃષ્ટિનો અભ્યાસ નિયમિત રીતે સાતત્યપૂર્ણ ચાલતો રહે, ત્યારે મનની વૃત્તિ ભગવાનમાં સતત ચોંટેલી રહે છે. શરૂઆતમાં પ્રયત્નપૂર્વક ચાલતો આ અભ્યાસ સમય જતા એક સુટેવમાં પરિણમે છે. ત્યારે આ જ અભ્યાસ અખંડ વૃત્તિ બની રહે છે.

અખંડ વૃત્તિના અભ્યાસુની પૂજા અને માનસીપૂજા આપોઆપ સમૃદ્ધ બની જાય છે : પછી તેને પૂજાનો સમય જેમ વધારે મળે અને માનસીપૂજાનો સમય પણ લંબાઈ જાય તેની ખબર રહેતી નથી, કારણકે તેમાં ભરપૂર આનંદ આવવા લાગે છે.

એટલું જ નહીં, પરંતુ પૂજા પૂરી કર્યા પછી પણ પૂજાનો ભક્તિભાવ તેના અંતરમાં સતત ચાલતો રહે છે અને માનસીપૂજા પણ સતત ચાલતી રહે છે.

પૂજ્યપાદ જોગી સ્વામી જેવા સંત ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતા તેના આપણે સૌએ દર્શન કરેલા છે. હરિભક્તોમાં ગુંદાસરા ગામના મૂળજી ભગત ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાના પ્રયોગો અને અભ્યાસ પોતાની રીતે કરતા રહેતા તે પણ આપણે સાંભળ્યું હોય અથવા તેમના દર્શન પણ કર્યા હોય. પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી જેવા સંત વર્તમાનકાળે આપણી વચ્ચે જ છે અને આપણને કથાવાર્તાની અદભુત પ્રેરણા આપીને પોતે સ્વયં ભગવાનનાં સ્વરૂપમાં વૃત્તિ રાખી જ રહ્યા છે, જે આપણી નજર સામે જ છે . એ રીતે ભગવાનનાં સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખતા અભ્યાસુ ભક્તજનો અને સંતો આજે પણ આપણી વચ્ચે હોય છે. તેમને આપણે સંસાર-વ્યવહારમાં અને પ્રવૃત્તિમાર્ગમાં વ્યસ્ત હોવાથી ઓળખી શકતા નથી, પરંતુ તેઓ સતત ભગવાનને પોતાનાં અંતરમાં ધારીને જીવતા હોય છે અને પોતાની મનોવૃત્તિ ભગવાનનાં સ્વરૂપને મૂકીને બીજે ક્યાંય ન જાય તેનો સતત ખટકો રાખતા હોય છે.

આપણે પણ ભગવાનમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ધીમે ધીમે કરીને આ પ્રકારનો ખટકો - અનુસંધાન રાખીને પ્રયત્ન કરતા રહીએ, તો ધીમે ધીમે ભગવાન અને સંતોની કૃપા પણ આ પ્રયોગમાં સહાયક બને છે.

વચનામૃતની એક વાત સદાય યાદ રાખવા જેવી છે કે, જે પ્રયત્ન કરે છે તેના ઉપર જ ભગવાનની કૃપા થાય છે, ભગવત કૃપા કેવળ નિષ્ક્રિય થઈને બેસી રહેવાથી થતી નથી. આ બાબત સતત યાદ રાખીને આ પ્રયોગમાં આગળ વધી શકાય છે. પ્રારંભમાં થોડો થોડો સમય અને પછી સમયમાં વધારો કરીને ખંડ ખંડમાં વહેંચાયેલી આપણી આ સાધના સમય જતા અખંડ વૃત્તિમાં પરિણમે. ત્યાં સુધી મારે ભગવાનનાં સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી છે અથવા તો મારે ભગવાનનાં સ્વરૂપનું સતત ચિંતવન કરવું છે, એવી દૃઢ શ્રદ્ધા અને મહિમાસભર સંકલ્પ સાથે આ પ્રયોગ શરૂ કરીને ખૂબ જ ધીરજ અને શાંતિ રાખીને જે જે વિઘ્નો આવે તેને સહન કરતા જવું, મૂંઝાવું નહીં અને આનંદમાં રહીને આ પ્રયોગ ચાલુ રાખવો.

અમૃત પ્રાપ્તિ માટે દેવો અને દૈત્યોના સામુહિક પ્રયત્ન હોવા છતાં સમુદ્ર મંથનના પ્રારંભે ઘણી ઘણી મુશ્કેલીઓ પડી હતી. તે રીતે ભગવાનનાં સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાના આ પ્રયોગમાં પણ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેની માનસિક તૈયારી રાખીને દૃઢ સંકલ્પ સાથે ભગવાનની મૂર્તિમાં વળવાનો પુરુષાર્થ ખૂબ જ શ્રદ્ધાપૂર્ણ રીતે ચાલુ રાખવો.

સમુદ્ર મંથનની કથામાં આપણે જાણીએ છીએ કે અમૃત પ્રાપ્તિ માટે સમુદ્ર મંથન શરૂ કર્યું હતું, તો પણ તેમાં સૌપ્રથમ હળાહળ ઝેર પ્રાપ્ત થયું. એ જ રીતે અંતરમાં ચાલતા આ મંથનમાં એટલે કે અખંડ વૃત્તિના પ્રયોગની શરૂઆતના દિવસોમાં શારીરિક થાક, માનસિક કંટાળો અને અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પના ત્રાસરૂપ હળાહળ ઝેર જેવો અનુભવ આપે છે. ત્યારે 'દેવો કે દેવ મહાદેવ'

અનુસંધાન પેજ નં.૧૨ ઉપર

વચનામૃત એક આદર્શ સત્શાસ્ત્ર

- શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી

વિવિધતાસભર આ વિશ્વમાં વિભિન્ન ભાષામાં અનેકવિધ પુસ્તકો લખાયાં છે, જેમાં કેટલાક પુસ્તકો પોપકોર્ન જેવા હોય છે. પોપકોર્ન ખાવાથી ટાઈમપાસ થાય, પણ તૃપ્તિનો ઓડકાર ન આવે. એમ કેટલાંક પુસ્તકો વાંચવાથી સમય પસાર થાય, પણ જીવનલક્ષી ભાથું ન ભરાય. કેટલાંક પુસ્તકો શેરડી જેવા હોય છે. શેરડી ખાઈએ ત્યારે અમૃત જેવું લાગે, પણ ખાધા પછી જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ ભૂખ ઊઘડે. એમ કેટલાંક પુસ્તકો વાંચતી વખતે અમૃતના ઓડકાર આવે, પણ વાંચ્યા પછી જેમ જેમ સમય સરતો જાય તેમ તેમ અંતરાત્માનો ખાલીપો વધતો જાય અને એ ખાલીપામાંથી તર્કો અને સંશયોનું સર્જન થતું જણાય. કેટલાક પુસ્તકો દૂધ જેવા હોય છે. દૂધમાં ત્યાગભાગ હોતો નથી, દૂધ સંપૂર્ણ પૌષ્ટિક આહાર છે. દૂધને પોપકોર્નની જેમ ખાવું કે શેરડીની જેમ ચાવવું પડતું નથી, સીધેસીધું પી શકાય છે. કેટલાંક પુસ્તકો દૂધની જેમ કોઈપણ પ્રકારના ત્યાગભાગ સિવાય સીધેસીધા જીવનમાં અપનાવવા જેવા હોય છે.

આધુનિક યુગમાં દૂધમાં પણ ભેળસેળ ભળી ગઈ હોવાથી દૂધને શુદ્ધ કરવું પડે છે. ઘીમાં ભેળસેળ થતી હોવાથી વેપારીઓને 'શુદ્ધ ઘી' લખવું પડે છે. વેજીટેરિયનમાં નોનવેજનો ભેગ ભળતો હોવાથી 'પ્યોર વેજ' કહેવું પડે છે. એમ શાસ્ત્રોમાં પણ માનવીય કાલ્પનિક અને વાહિયાત પ્રક્ષેપો થતા હોવાથી 'સત્શાસ્ત્ર' શબ્દ પ્રયોજવો પડે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સમકાલીન મોટાભાગનું સાંપ્રદાયિક ગદ્ય-પદ્ય સાહિત્ય સંસ્કૃત, પ્રાકૃત અને વ્રજ ભાષામાં જોવા મળે છે. વિભિન્ન ભાષાઓમાં ઉપલબ્ધ એ સાહિત્ય ક્યાંક સ્વતઃપ્રેરણાથી નંદસંતોએ રચેલું, ક્યાંક શ્રીજી મહારાજની અનુજ્ઞાથી, ક્યાંક શ્રીહરિની પ્રેરણાથી, તો ક્યાંક પ્રભુએ સ્વયં પ્રમાણિત કરેલું જોવા મળે છે, પરંતુ એ ગદ્ય-પદ્ય સાહિત્યમાં શિરમોડ વચનામૃત એક એવું શાસ્ત્ર છે કે જે સ્વયં સ્વામિનારાયણ ભગવાનની વાણી છે.

વિશ્વના કોઈપણ સંપ્રદાયમાં કર્મ અને જ્ઞાન એમ બે ધારાઓ હોય છે, જેને સરળ ભાષામાં આચાર અને વિચાર કહી શકાય. હિન્દુ સનાતન ધર્મની દૃષ્ટિએ જોઈએ તો સ્મૃતિગ્રંથો આચારધારા છે અને દર્શનગ્રંથો વિચારધારા છે. સ્વામિનારાયણ સંપ્રદાયની આચારસંહિતા શિક્ષાપત્રી છે અને વિચારસંહિતા વચનામૃત છે. વચનામૃત સ્વામિનારાયણ સંપ્રદાયના આધ્યાત્મિક સાહિત્યનું મધ્યસ્થ માપદંડ છે.

શાસ્ત્ર કોને કહેવાય ? हितं शास्ति इति शास्त्रम् । જે શાસ્ત્રોમાં જગતના જીવ-પ્રાણીમાત્રના હિતનું પ્રશાસન હોય, તે શાસ્ત્ર કહેવાય.

વસ્તુમાત્રની ઓળખ તેના લક્ષણે કરીને થાય છે. જગતના પદાર્થમાત્રના લક્ષણો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શાસ્ત્રોમાં જોવા મળે છે. સર્વના લક્ષણો સમજાવતા શાસ્ત્રોના પણ લક્ષણો છે. આધ્યાત્મિક સાહિત્યમાં શાસ્ત્રની સંજ્ઞા પામેલા ગ્રંથો ઘણા છે, પણ સત્શાસ્ત્રની ઉપાધિ લક્ષણે કરીને જ સિદ્ધ થાય છે. સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવનના બીજા અને ત્રીજા પ્રકરણમાં સત્શાસ્ત્રનાં લક્ષણો બતાવ્યાં છે,

स्थापिते येषु कृष्णस्य साकारत्वविशुद्धते ।
सच्छास्त्राणि तु तान्येव वेदार्थानुसृतानि हि ॥

(स.जी. २-२-३०)

मूर्तयश्चावताराणां श्रीविष्णोः प्रतिपादिताः ।
श्रीरामकृष्णमुख्यानां यत्र सच्छास्त्रमेव तत् ॥

(स.जी. ३-२६-३९)

શ્રીમદ્ સત્સંગિજીવન વગેરે ગ્રંથો પ્રમાણે સત્શાસ્ત્રોના કેટલાક લક્ષણોને આધારે વચનામૃત ગ્રંથનું મૂલ્યાંકન કરીએ, તો જણાઈ આવે છે કે વચનામૃત એક આદર્શ સત્શાસ્ત્ર છે.

લક્ષણ : ૧ - જે ગ્રંથ વેદાદિ શાસ્ત્રોના મતને અનુસરતું હોય તે સત્શાસ્ત્ર.

વચનામૃત જ્ઞાનનો સાગર છે. સાગરમાં મરજીવો જેમ જેમ ઊંડો ઊતરે એમ નવાં નવાં મૂલ્યવાન મોતી મળે. એ જ રીતે સાધક વચનામૃતમાં ઊંડો ઊતરતો જાય, તેમ તેમ શાસ્ત્રોના રહસ્યો સમજાતા જાય. વચનામૃત વેદાદિ શાસ્ત્રોના રહસ્યોનો ઉઘાડ છે. વચનામૃતમાં ચાર વેદ,

ઉપનિષદ, શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ગીતા, હિરણ્યકેશીયશાખાશ્રુતિ:, વરાહપુરાણ, મણિરત્નમાલા, મહાભારત, ચર્પટમંજરી વગેરે શાસ્ત્રોના સિદ્ધાંતોની વાતો છે. આ ઉપરાંત, બ્રહ્મસૂત્ર, પંચરાત્ર, સાંખ્ય-યોગ, વેદાંત, વાસુદેવ માહાત્મ્ય, અષ્ટ સત્શાસ્ત્રો વગેરે શાસ્ત્રોના સિદ્ધાંતોનો સીધે સીધો ઉલ્લેખ, ક્યાંક ગુર્જરાનુવાદ, ક્યાંક ભાવાર્થ, ક્યાંક તાત્પર્યાર્થ તો ક્યાંક અર્થવિસ્તાર કર્યો પણ જણાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણનાં પહેલા વચનામૃતમાં કહે છે, 'વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથોનો એ જ ગલિતાર્થ છે, આ જે અમે વાત કરી છે તે સર્વ શાસ્ત્રનું રહસ્ય છે.' વળી શ્રીજી મહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૨૮ મા વચનામૃતમાં કહે છે, 'આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે, તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે.'

વચનામૃતના સિદ્ધાંતોના મૂળ કોઈને કોઈ રીતે શાસ્ત્રોના સિદ્ધાંતોને સ્પર્શે જ છે. કોઈ કોઈ વચનામૃતમાં શ્રીજી મહારાજે પોતે પૂછેલા પ્રશ્નનો જવાબ પણ શાસ્ત્રની સાંખ્યે કરીને કરવાનું કહે છે. ગઢડા પ્રથમ પ્રકરણના ૩૯ મા વચનામૃતમાં મહારાજ કહે છે, 'તમને પૂછીએ છીએ તેનો ઉત્તર કરો તે વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ અને ઈતિહાસ તેની સાંખ્યે કરીને કરો પણ કોઈક કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહીં માનીએ.'

લક્ષણ : ૨ - જે ગ્રંથમાં પરમાત્માનું સાકાર રૂપે નિરૂપણ હોય, તે સત્શાસ્ત્ર.

પરમાત્મા સાકાર છે કે નિરાકાર ? ભગવત્ સ્વરૂપની ઉપાસનાનો એ પ્રશ્ન આંટીઘૂંટીવાળો છે. વેદાદિ શાસ્ત્રોમાં પરમતત્ત્વનું સાકાર રૂપે અને નિરાકાર રૂપે પણ વર્ણન જોવા મળે છે ત્યારે વિચક્ષણ વિદ્વાનોની મતિ પણ ભમી જાય છે. સદ્ગુરુ શતાનંદ સ્વામી શ્રીહરિવાક્ય સુધાસિંધુમાં કહે છે,

આકારો વાસુદેવસ્ય નાસ્તીત્યેવાવયન્તિ યે ।
તે ભ્રાન્તા ઇતિ વિજ્ઞેયા અનુપાસિતસાત્ત્વતા: ॥

(તરઙ્ગ:-૬૬-૭)

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૬૬ મા વચનામૃતમાં કહે છે, 'ભગવાન અરૂપ છે, જ્યોતિ:સ્વરૂપ છે, નિર્ગુણ છે ને સર્વત્ર વ્યાપક છે' એવા વચન સાંભળીને મૂર્ખ હોય તે એમ જાણે જે 'શાસ્ત્રમાં ભગવાનને અરૂપ જ કહ્યા છે.' અને એકાંતિક ભક્ત હોય તે તો એમ જાણે જે, 'શાસ્ત્રમાં ભગવાનને જે અરૂપ ને નિર્ગુણ કહ્યા છે તે તો માયિક એવા જે રૂપ ને ગુણ તેના નિષેધને અર્થે કહ્યા છે પણ ભગવાન તો નિત્ય દિવ્યમૂર્તિ છે અને અનંત કલ્યાણગુણે યુક્ત છે અને તેજના પુંજરૂપ કહ્યા છે તે તો મૂર્તિ વિના તેજ હોય નહિ, માટે એ તેજ તે મૂર્તિનું છે.'

શ્રીજી મહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૪૫મા વચનામૃતમાં કહે છે, 'જે ભગવાન પુરુષોત્તમ છે તે તો સદા સાકાર જ છે અને મહાતેજોમય મૂર્તિ છે અને અંતર્યામીપણે કરીને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે...સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ જે ભગવાન તે સાકાર છે...અને અંતર્યામીપણે કરીને જીવ-ઈશ્વરનો વિષે વ્યાપક એવું જે પુરુષોત્તમ ભગવાનનું બ્રહ્મરૂપ તેજ તે નિરાકાર છે તોપણ જીવ-ઈશ્વર સર્વેને તેમના કર્મને અનુસારે યથાયોગ્યપણે કર્મના ફળને દેવાને વિષે નિયંતાપણું છે ને સાકારની પેઠે નિયંતારૂપ ક્રિયાને કરે છે, માટે તે તેજને પણ સાકાર જેવું જાણવું.'

વડતાલના બીજા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, 'શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન છે તે પોતાનાં અક્ષરધામને વિષે સદા દિવ્ય, સાકાર, મૂર્તિમાન રહ્યા છે.'

લક્ષણ : ૩ - જે ગ્રંથમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થનું યથાયોગ્ય નિરુપણ હોય તે સત્શાસ્ત્ર કહેવાય.

માનવજીવનના ચાર પુરુષાર્થ છે- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારેય પુરુષાર્થની સિદ્ધિ કરનાર મનુષ્યનું જીવન સફળ બને છે. સ્વધર્મમાં રહીને અર્થોપાર્જન અને કામનાપૂર્તિ કરવામાં આવે, તો મોક્ષની ઉપલબ્ધિ સહજ છે. માનવજીવનની ઈમારત આ ચાર પુરુષાર્થના પાયા પર સર્જાયેલી છે. વચનામૃત માનવજીવનના ચારેય પુરુષાર્થની સિદ્ધિ કરાવતું સત્શાસ્ત્ર છે.

ધર્મ : વિભિન્ન શાસ્ત્રોમાં ધર્મની અનેકવિધ વ્યાખ્યાઓ અને પ્રકારો જોવા મળે છે. ભગવાન શ્રી

સ્વામિનારાયણે વચનામૃતમાં એકાંતિક ધર્મ, વર્ણાશ્રમ ધર્મ, પ્રવૃત્તિ ધર્મ, નિવૃત્તિ ધર્મ વગેરે ધર્મોની સ્પષ્ટતા કરી છે. ધર્મની વ્યાખ્યાઓ કે પ્રકારો ભલે અનેકવિધ હોય, પરંતુ ધર્મ મોક્ષનું સોપાન બને એમાં જ એની સાર્થકતા છે. ધર્મનો મર્મ સમજવો ખૂબ કઠિન છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મનો મર્મ સમજાવતા ગઢડા પ્રથમ પ્રકરણના ૬૯મા વચનામૃતમાં કહે છે કે, 'હિંસાયુક્ત જે ધર્મ છે તે તો ધર્મ, અર્થ અને કામ પર છે, તે પણ હિંસાના સંકોચને અર્થે કહ્યો છે અને અહિંસામય જે ધર્મ છે તે મોક્ષપરાયણ છે.'

અર્થ : અર્થોપાર્જનની વાત સૌ કોઈને સાંભળવી ગમે છે. અર્થોપાર્જન તો સૌ કોઈ કરે છે, પણ આર્થિક વ્યવહારની પદ્ધતિને આધારે માણસ ગરીબ કે ધનવાન થાય છે. ઘણીવાર રોડપતિ કરોડપતિ થઈ જાય છે અને ક્યાંક કરોડપતિ પણ રોડપતિ થતા જણાય છે. વેપાર-ધંધા તો સૌ કોઈ કરે છે પણ એની પદ્ધતિને આધારે વેપારી નફો-નુકસાન ભોગવે છે. શ્રીજી મહારાજ સારંગપુરના ૧૮મા વચનામૃતમાં કહે છે, 'જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે...પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહીં તેની પેઠે ન કરે.'

ઘણીવાર વ્યાજે લીધેલી લોન સમયસર ભરપાઈ ન થાય, તો પણ માણસ આર્થિક સંકડામણનો ભોગ બને છે, જેના અનેક ઉદાહરણો સમાજમાં જોવા મળે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮મા વચનામૃતમાં કહે છે કે, 'વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચૂકવી દઈએ તો દેતાં કઠણ ન પડે ને વર્ષ-દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે.'

ઘણા લોકો આખી જિંદગી તનતોડ મહેનત કરીને ખૂબ પૈસા કમાય, પણ યોગ્ય સમયે યોગ્ય કાર્યમાં વાપરી ન શકે. લોભી પ્રકૃતિના પુરુષો ધન એકઠું કરવામાં જિંદગી પસાર કરી દે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૫૭મા વચનામૃતમાં કહે છે કે, 'ગાંઠે ધન હોય ને તે ખરચ્યા-વાવર્યામાં કામ ન આવ્યું તે વૃથા છે.'

કામ : કામ એટલે કામના. ઈચ્છિત ભોગપ્રાપ્તિ પણ જીવનનો એક પુરુષાર્થ છે. પુરુષાર્થ તરીકે કામને કામના કે વિષયભોગપરક ગણવામાં આવે છે. પુરુષાર્થની દૃષ્ટિએ અંતરમાંથી ઊઠતી વિષયોની તીવ્ર ઈચ્છાઓ જ કામ છે કે જે વાસનાનું રૂપ પણ ધરે છે. અનાદિ કાળથી આ જીવ વિભિન્ન યોનિઓમાં વિચરતો આવે છે એટલે અવ્યક્તરૂપે પણ જીવના અંતરમાં અનેકવિધ વિષયભોગની વાસનાઓના સંકલ્પબીજો પડેલાં છે. એ સંકલ્પબીજો કામનાનું રૂપ ધરે છે અને માણસ તેની પ્રાપ્તિ માટે જીવનભર પ્રયત્નશીલ રહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વાસનાની સમજૂતિ આપતા ગઢડા પ્રથમ પ્રકરણના ૧૧મા વચનામૃતમાં કહે છે કે, 'પૂર્વે જે વિષય ભોગવ્યા હોય ને દીઠા હોય અને સાંભળ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને વાસના કહીએ અને વળી જે વિષય ભોગવ્યામાં ન આવ્યા હોય તેની જે અંતઃકરણને વિશે ઈચ્છા વર્તે તેને પણ વાસના કહીએ.' વિષયની ઈચ્છા વાસના છે જે એક પ્રકારની વિષયભોગની કામના જ છે. મનુષ્યમાત્રને અનેકવિધ કામનાઓ હોય છે પરંતુ ભગવાનના ભક્તની વાત જુદી છે. શ્રીજી મહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૫૬મા વચનામૃતમાં કહે છે કે, 'ભગવાનના ભક્તને ભગવાન વિના બીજી કોઈ જાતની કામના રહે એ મોટી ખોટ છે.'

મોક્ષ : મનુષ્યજીવનનો અંતિમ પુરુષાર્થ છે, મોક્ષ. ધર્મ, અર્થ અને કામ એ ત્રણેય પુરુષાર્થ મોક્ષના ઉપકારક છે. ધર્મ, અર્થ અને કામનાએ કરીને મોક્ષ સાધવાનો છે. શાસ્ત્રોમાં મુક્તિની મીમાંસા ખૂબ જોવા મળે છે. શાસ્ત્રોમાં ચાર પ્રકારની મુક્તિની વાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે બ્રહ્મરૂપે પરબ્રહ્મની સેવા કરવી તેને જ મુક્તિ કહી છે. શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજ કહે છે કે, तत्र ब्रह्मात्मना कृष्णसेवामुक्तिश्च गम्यताम् । ભગવાનના ધામમાં બ્રહ્મરૂપે પરબ્રહ્મની સેવા કરવી એ જ મુક્તિ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૪૩મા વચનામૃતમાં કહે છે, 'એક તો ભગવાનના લોકમાં રહેવું અને બીજું ભગવાનને સમીપે રહેવું અને ત્રીજું ભગવાનના સરખું રૂપ પામવું અને ચોથું ભગવાનના સરખું ઐશ્વર્ય પામવું, એવી રીતે જે ચાર પ્રકારની મુક્તિ છે તેને તો ભગવાનનો ભક્ત નથી ઈચ્છતો ને કેવળ ભગવાનની સેવાને ઈચ્છે છે.'

લક્ષણ : ૪ - જે ગ્રંથમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું નિરુપણ હોય તે સત્શાસ્ત્ર.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં પરમતત્ત્વની પ્રાપ્તિના અનેક સાધનો બતાવ્યાં છે, પરંતુ એમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત ભક્તિ એ ચાર સાધન મુખ્ય છે. આ ચાર સાધનોમાં સર્વે સાધનોનો સમન્વય થઈ જાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ચારેય સાધનોનો સમન્વય સાધી ભાગવત ધર્મ કે એકાંતિક ધર્મ તરીકે દર્શાવ્યા છે.

શ્રીમદ્ ભાગવતજીના એકાદશ સ્કન્ધમાં નવ યોગેશ્વરોએ જનક મહારાજને અને ભગવાન શ્રીકૃષ્ણે

ઉદ્ધવજીને ભાગવત ધર્મનો ઉપદેશ આપ્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા અંત્ય પ્રકરણના ૨૧મા વચનામૃતમાં કહે છે કે, 'ભાગવત ધર્મે કરીને તો જીવ જે તે ભગવાનની માયાને તરીને પુરુષોત્તમના ધામને પામે છે.'

ધર્માદિક ચારેય સાધનો મોક્ષના સ્વતંત્ર સાધન નથી, મુક્તિ માટે ચારેયને પરસ્પર એકબીજાની અપેક્ષા રહે છે. મુક્તિ માટે ચારેય સાધનની પૂર્ણતા આવશ્યક છે.

શ્રીજી મહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૯મા વચનામૃતમાં કહે છે, 'આ સત્સંગને વિષે પોતાનાં આત્યંતિક કલ્યાણને ઇચ્છતો એવો જે ભક્તજન તેને એકલી આત્મનિષ્ઠાએ કરીને જ પોતાનું આત્યંતિક કલ્યાણરૂપ કાર્ય સરતું નથી તથા એકલી પ્રીતિ જે પ્રેમે સહિત નવ પ્રકારની ભક્તિ કરવી તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે વૈરાગ્ય તેણે કરીને પણ કાર્ય સરતું નથી તથા એકલો જે સ્વધર્મ તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી, તે માટે એ આત્મનિષ્ઠા આદિક જે ચારે ગુણ તે સિદ્ધ કરવા. શા માટે ? તો એ ચારે ગુણને એકબીજાની અપેક્ષા છે.'

શ્રીજી મહારાજે ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યને ભક્તિના અંગો ગણાવ્યા છે. ધર્માદિક ત્રણ સાધનો કરતા માહાત્મ્ય સહિત ભક્તિને વિશેષ કહી છે પણ ધર્માદિક અંગો સહિત ભક્તિ મુક્તિનું નિર્વિઘ્ન સાધન છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૩૨મા વચનામૃતમાં કહે છે કે, 'આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ તે તો ભગવાનની ભક્તિના સહાયરૂપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી અને જો અતિશય ધર્મ, આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય ને એકલી ભગવાનની ભક્તિ હોય તોપણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે, એટલો ધર્માદિક થકી ભક્તિને વિષે વિશેષ છે. તો પણ ધર્માદિક અંગનું સહાયપણું હોય તો એ ભક્તિને વિષે કોઈ વિઘ્ન થતું નથી અને જો ધર્માદિક અંગનું સહાયપણું ન હોય તો વિષમ દેશકાળાદિકે કરીને ભક્તિને વિષે વિઘ્ન જરૂર થાય છે. તે માટે ધર્માદિક અંગે સહિત ભક્તિ કરવી.'

લક્ષણ : ૫ - જે ગ્રંથમાં ભગવાનની શરણાગતિ-આશરાનું પ્રાધાન્ય હોય તે સત્શાસ્ત્ર.

વચનામૃતમાં મોક્ષપ્રાપ્તિના અનેક સાધનો બતાવ્યાં છે. સાધનામાં વૈવિધ્ય હોવું સારી વાત છે. લક્ષ્ય ભલે એક હોય પરંતુ લક્ષ્ય સુધી પહોંચવાના રસ્તાઓ અનેક હોઈ શકે છે. મુમુક્ષુ પોતાની રુચિ, ક્ષમતા અને સંસ્કાર પ્રમાણે મુક્તિના સાધન કરીને મોક્ષનો અધિકારી બને એવા શુભ આશયથી વચનામૃતમાં મુક્તિના સાધનોનું વૈવિધ્ય જોવા મળે છે.

ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની રીત, ભગવાનનું ધ્યાન કરવાની વિવિધ પદ્ધતિઓ, ઉપરાંત સેવા, પક્ષ, સમર્પણ, નિષ્ઠા, સત્સંગ, ઉપાસના વગેરે ભગવદ્ પ્રાપ્તિના સાધનો વચનામૃતમાં દર્શાવ્યાં છે, પરંતુ કલ્યાણનાં અસાધારણ સાધન તરીકે શ્રીજી મહારાજે શરણાગતિને સ્થાન આપ્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૬૬મા વચનામૃતમાં કહે છે, 'કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે...અને એ સાધન છે તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે.' ગઢડા પ્રથમ પ્રકરણના ૩૩મા



વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, 'ભગવાનનો જે દૃઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે.'

લક્ષણ : ૬ - જે ગ્રંથમાં સદ્‌ગુરુનો યથાર્થ મહિમા હોય તે સત્શાસ્ત્ર.

મોક્ષના સર્વ સાધનની પુષ્ટિ સત્પુરુષના પ્રસંગે કરીને થાય છે. સત્સંગના પાયા ઉપર જ મુક્તિના સાધનોની ઇમારત ઊભી થાય છે. સત્પુરુષનો પ્રસંગ મુમુક્ષુને મુક્તિના દ્વાર સુધી પહોંચાડી દે છે, પરંતુ એ પ્રસંગ જેવો તેવો ન ચાલે. જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ દૃઢ પ્રસંગ સત્પુરુષને વિષે થાય, તો એ મુમુક્ષુ માટે મોક્ષના દરવાજા ઊઘડી જાય છે. શ્રીમદ્ ભાગવતજીમાં કપિલદેવ ભગવાને માતા દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે, **प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।**
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥
(भागवत -३-२५-२)

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૫૪ માં વચનામૃતમાં કહે છે, 'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ, તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઊઘાડું થાય છે.'

આત્મદર્શનની સાધના હોય કે પરમાત્મદર્શનની, બન્નેમાં સત્પુરુષનું સાનિધ્ય આવશ્યક છે. શ્રીજી મહારાજ વડતાલના ૧૧મા વચનામૃતમાં કહે છે, 'સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે...અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.'

શ્રીજી મહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૪૪મા વચનામૃતમાં કહે છે કે, 'સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે.'

આ ઉપરાંત, શ્રીજી મહારાજે વચનામૃતમાં દૈવીભાવને પામવાનું, રંકને રાજા થયાનું, ધર્માદિક અંગો સહિત ભક્તિનું બળ વૃદ્ધિ પામ્યાનું, કલ્યાણકારી ગુણ પામ્યાનું, વાસના નિર્મૂળ થયાનું કારણ પણ સત્પુરુષનો પ્રસંગ કહીને સત્પુરુષનો ભારોભાર મહિમા ગાયો છે.

લક્ષણ : ૭ - જે ગ્રંથમાં સ્વામી-સેવકભાવની પ્રતિષ્ઠા હોય તે સત્શાસ્ત્ર.

ઉપાસના માર્ગમાં સ્વામિસેવકભાવ અનિવાર્ય છે. જીવ ગમે તેટલી સાધના કરીને સિદ્ધદશાને પામે તોપણ પરમાત્મા સરખો થવાને સમર્થ થતો નથી. જ્ઞાનમાર્ગીઓ પરમતત્ત્વની ઉપાસના કરતા કરતા अहं ब्रह्माऽस्मि થઈ જાય છે, સ્વયંને સ્વામી માની લે છે.

પાર્લા-મુંબઈમાં ઈ. સ. ૧૯૯૨માં ૧૦થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન યોજાયેલ પુષ્ટિ સિદ્ધાંત ચર્ચાસભામાં પૂજ્યપાદ્ ગોસ્વામી શ્યામમનોહરજી મહારાજે પુષ્ટિ સંપ્રદાયની ઉપાસનાને સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, अहं ब्रह्माऽस्मि में जो कहे हैं वो वस्तुतः अपनेकु समजनो चाहिये के अपन ब्रह्म हैं ब्रह्मांश होने के अर्थ में, अंशी ब्रह्म होने के अर्थ में अपन ब्रह्म नहीं हैं. ऐसे अपन गुरु है महाप्रभुजी के गुरुत्व के अंशकु धारण करने के अर्थ में, अंशी गुरुत्व अपने में नहीं हैं.

ભક્તિમાર્ગી મુમુક્ષુઓ પરમતત્ત્વની ઉપાસના કરતા કરતા બ્રહ્મભાવને પામે છે, પણ દાસત્વભાવ શાશ્વત રહે છે. સ્વામી-સેવકભાવમાં ब्रह्माऽहं कृष्णदासोऽस्मि એટલે કે 'હું બ્રહ્મ છું, ભગવાનનો દાસ છું' એ ભાવના મુક્તિ અવસ્થામાં પણ યથાવત્ રહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણીના ૧૦મા વચનામૃતમાં કહે છે કે, 'જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનના પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તોપણ પુરુષોત્તમ નારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વામી-સેવકભાવની ઉપાસનાને અક્ષરધામ સુધી લઈ ગયા. શ્રીજી મહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૬૭મા વચનામૃતમાં કહે છે કે, 'જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે તો પણ ભગવાનના દૃઢ દાસ થઈને ભજન કરે છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે, તો પણ સ્વામી-સેવકપણું રહે છે.'

લક્ષણ : ૮ જે ગ્રંથમાં ઉપાસનાનું શુદ્ધ સ્વરુપ સમજાવ્યું હોય તે સત્શાસ્ત્ર.

અનુસંધાન પેજ નં.૧૪ ઉપર

ચોરને માલુમ થાય કે...

- જગદીશ ત્રિવેદી

બે-ત્રણ મહિના પહેલા જામખંભાળિયાની નગરપાલિકા દ્વારા મારો કાર્યક્રમ રાખવામાં આવ્યો. ખંભાળિયા મારું સાસરું હોવાથી હું મારા એકમાત્ર પુત્ર અને એક માત્ર પત્ની સાથે ત્યાં ગયો. તે રાત્રે હું લોકોને હસાવતો હતો. બરાબર તે જ સમયે સુરેન્દ્રનગરના મારા ઘરનાં તાળાં તૂટ્યાં હતાં. એટલે કે મને રડાવવાની પૂરી તૈયારી થતી હતી. મારા ઘરમાં ખરેખર થયેલી ચોરીની વાત અહીં રજૂ કરું છું અને આશા છે કે મને રડાવનાર ચોર પણ આ લેખ વાંચતો હશે.

એક ભગતના ઘરમાં રાત્રે ચોર આવ્યો. વળી ચોરીના માલનું પોટલું વાળી જવા માટે એક ચાદર સાથે લઈને આવ્યો. તેણે પહેલા ચાદર પાથરી, પછી તપાસ આદરી. ઘરના ચારે ખૂણા સરખા હતા. મતલબ ઘરમાં કંઈ જ હતું નહીં. ભગતના ઘરમાં ઉંદર પણ આપઘાત કરે એવું હતું. ચોર નિરાશ થઈ પાછો આવ્યો અને જે દૃશ્ય જોયું, તો અંધારામાં પણ અંધારાં આવી ગયાં. ચોરની પાથરેલી ચાદર પર ભગત સૂઈ ગયા હતા. જો ભગત પડખું ફરે તો પોતાની ચોરીની કમાણીની ચાદર લઈને જતા રહેવું એવી ગણતરીએ ચોર પરોઢિયા સુધી બેસી રહ્યો. અંતે કંટાળી રોવા જેવો થઈ ગયો ત્યારે ભગત સૂતાં સૂતાં બોલ્યા, ભલે ઉઘાડું રહ્યું, તું જેમ પાથરણું આપી ગયો એમ કોઈ ઓઢવાનું પણ આપી જશે.

આજે માણસને જેટલો વિશ્વાસ સો રૂપિયામાં છે એટલો વિશ્વાસ લાખો રૂપિયાના માણસમાં નથી. તે રાત્રે મારા ઘરે વણનોતર્યા પધારેલા ચોરભાઈને (આશા રાખું કે ભાઈ જ હશે, બાકી અત્યારે તમામ ક્ષેત્રોમાં સ્ત્રી પુરુષ સમોવડી થઈ ગઈ છે.) મારાં તાળાં ઉપરનો મારો વિશ્વાસ તાળાં સાથે જ તોડી નાખ્યો અને મધરાતે મારા અવાવરુ ઘરમાં વિજય પ્રવેશ કર્યો.

ત્યારબાદ ચોરે મારો લોખંડનો કબાટ પણ ખોલી નાખ્યો. એ કબાટમાં એક ચોરખાનું છે. એ એવી ગુપ્ત જગ્યાએ છે કે મારો કબાટ હોવા છતાં મને ઘણીવાર મળતું નથી. એવું ભેદી ખાનું પણ ચોરે ભેદી નાખ્યું. અને જેનું નામ જ ચોરખાનું હોય એ ચોર ન ખોલે તો કોણ શાહુકાર ખોલે? અહીં શાહુકારનો અર્થ આવકવેરા અધિકારી એવો કરવો. ચોર વ્યવસાયે ચોર છતાં શાહુકાર કરતાં નીતિમાન હતો. એને સોનું અને રોકડ સિવાય કશામાં રસ નહોતો અને મારા સદ્‌નસીબે અને ચોરના બદનસીબે મારા ઘરમાં એક પણ તોલો સોનું નહોતું અને પૂરા પાંચસો રૂપિયા પણ નહોતા. આ નીરખીને નિરાશ થયેલો ચોર ટીવી, ટેપ, ઘડિયાળ કે સાડીઓની લાલચ વગર કંઈ લીધા વિના ખાલી હાથે જતો રહ્યો, એનું આજે પણ મને આશ્ચર્ય થાય છે.

કદાચ એવું બને કે કબાટદર્શન બાદ નિરાશ થયેલો ચોર લાખો નિરાશામાં એક અમર આશા છુપાઈ છે એ બોલતો બોલતો ઉપલા માળે ગયો હશે. પણ મારો પોતાના ઉપલો માળ ખાલી છે તો મારા ઘરનો ઉપલો માળ ક્યાંથી ભરેલો હોય? ઉપલા માળે પુસ્તકોના ઢગલા જોઈ ચોરને થયું હશે કે રોંગ નંબર લાગી ગયો છે. જેની પાસે આટલાં બધાં પુસ્તકો હોય એની પાસે સોનું, રૂપિયા થોડા હોય? પુસ્તકો કાયદાના હોય તો એને અડ્યા વગર પણ રૂપિયા આવે. બાકી સાહિત્યના પુસ્તકોને ગમે તેટલા વાંચો છતાં બે પાંદડે થવાતું નથી.

બીજા દિવસે ફોન દ્વારા મને ભર ઊંઘમાંથી ઊઠાડીને અશુભ સમાચાર આપવામાં આવ્યા. તમારાં ઘરનાં તાળાં તૂટ્યાં છે. તમારા પાડોશમાં દિવાળી જેવો માહોલ છે, તમે જલદી આવો. આ સાંભળીને હું ઘાંઘો થયો ને લેંઘા ઉપર શર્ટ પહેરીને સુરેન્દ્રનગર પહોંચી ગયો. પત્ની ઉતાવળમાં મોજડીને બદલે સ્લિપર પહેરીને બેસી ગઈ. મૌલિકને તો આખા રસ્તે એક જ ચિંતા હતી કે ચોર જો પુત્રવાન હશે ને મારું બેટ ચોરી ગયો હશે, તો સાંજે પાડોશીના ઘરમાં દડો કેમ નાખીશું?

અમે આવ્યા એટલે પાડોશીઓએ ખોટા દુઃખ સાથે અમને પોંખ્યાં. પણ એનો રાજીપો આંખોમાં ડોકાઈ જતો હતો અને ઘરમાં આવીને ટીવીથી માંડીને ટાંકણી સુધીની વસ્તુ તપાસી લીધી. મેં શેરીમાં આવીને જાહેરત કરી, મારું કંઈ જ ગયું નથી. મારા ઘરમાં કંઈ હતું નહીં, તેથી ચોર પાસે મારી આબરૂ ગઈ છે. પણ પાડોશીને મારી વાતમાં વિશ્વાસ નહોતો. તેઓ અંદરોઅંદર કહેતા, ગયું તો હોય, પણ કહેતા નથી.

ત્યારબાદ મારા ઘરમાં કોઈ વડીલનું અવસાન થયું હોય એમ ખરખરો કરવાની લાઈન લાગી ગઈ. હું ઓળખતો નહોતો એવા માણસો પણ મળવા આવ્યા. દરેકને મારે એકની એક કેસેટ રિવાઈન્ડ કરીને સંભળાવવી પડતી. એ લોકોને ચા અથવા ઠંડું પાવું, નજીકના હોય તો નાસ્તો કરાવવો. ત્રણ દિવસમાં તો અમે ત્રણેય રોવા જેવા થઈ ગયા. શરબતના છ બાટલા, પાંચ કિલો ખાંડ, બે કિલો ચા, નાસ્તાના ત્રણ ડબ્બા ખલાસ થઈ ગયા. ત્રીજા દિવસે મારો અવાજ બેસી ગયો, જેના ઉપર મારા ધંધાનો આધાર છે. બોતેરમાં ભાઈ ખબર પૂછવા આવ્યા અને હું એટલું જ કહી શક્યો, ચોરી થઈ, ગયું નથી.

પોલીસને જાણ થતાં તેઓ પણ ચોરની માફક વગર બોલાવ્યે આવ્યા. પૂરાવામાં તૂટેલું તાળું લેતા ગયા. મને ત્રણ વખત પોલીસ સ્ટેશને બોલાવ્યો. મારે ફરિયાદ કરવી નહોતી છતાં નોકરીના ઈન્ટર્વ્યુ કરતાંયે અઘરા સવાલ પૂછ્યા. ઘડીક તો મને એમ થયું કે મેં કોઈને ત્યાં ચોરી કરી છે ?

ઘરે કોઈને સુવડાવીને ન જવા બદલ ઠપકો આપ્યો. બધાએ પોલીસ સ્ટેશનમાં મારી ચા પીધી. હું ચોર હોઉં એમ ફરી ચોરી ન થવી જોઈએ એવી સૂચના આપી માંડ માંડ જવા દીધો.

ચોથા દિવસે કંટાળીને મેં દરવાજા પર મોટું બોર્ડ માર્યું. એ બોર્ડ બનાવવાનો મને પાંચસો રૂપિયા ખર્ચ થયો. પણ લોહીઉકાળા બંધ થઈ ગયા. બોર્ડમાં મેં સ્પષ્ટ લખ્યું, "રાત્રે મારા ઘરે ચોરી થઈ, પણ હું સત્યપ્રતિજ્ઞાપૂર્વક, શાંત ચિત્તે, તબિયત બહાલ રાખીને, બિનકેફે લખી જણાવું છું કે મારા ઘરમાંથી કંઈ જ ચોરાયું નથી. મને દિવસે કંઈજ જડતું નથી તો ચોરને રાત્રે ક્યાંથી મળે ? આ વાંચી આપને દુઃખ થાય તો ભલે થાય પણ મહેરબાની કરીને મારા ઘરમાં આવી, ખોટી લાગણી દેખાડી, મફતમાં મારી ચા પી મને સલાહ પીવડાવવા પધારશો નહીં. લિખિતંગ આપનો અદર્શનાભિલાષી, જગદીશ ત્રિવેદી."

પાંચમા દિવસે મારા એક બહુ દૂરના માસી આવ્યાં. એ એટલા બધા દૂરના હતા કે મારા બા પણ એમને ઓળખી ન શક્યાં. એ મારી સાથે ચાર પુત્રો લઈને આવ્યાં. એ પુત્રોને જુઓ તો એમ લાગે કે એ ચારેય વાંદરામાંથી માણસ બનવાનું ભૂલી ગયા છે. માસીને કોઈકે ચોરીના સમાચાર આપ્યા હશે. તેઓ મને કહે, "જ્યાં સુધી ચોર પકડાય નહીં ત્યાં સુધી અમે પાંચેય અહીંથી જવાના નથી."

આ સાંભળી હું રોવા જેવો થઈ ગયો. મેં બે હાથ જોડીને કહ્યું, "મારે ચોર પકડાવવાનો નથી, પણ તમે વાહન પકડી લો !"

ત્યારબાદ મેં અને મારી પત્નીએ હિસાબ કર્યો તો બોર્ડના પાંચસો, શરબતના છ બાટલાના એકસો એંશી, પાંચ કિલો ખાંડના પંચોતેર, બે કિલો ચાના બસો એંસી, નાસ્તાના અઢીસો, સગાવહાલાને ફોનના બસો વીસ. બધું થઈને આશરે દોઢ હજાર રૂપિયા વપરાઈ ગયા હતા. ચોર ભલે કંઈ જ ન લઈ ગયો, પણ દોઢ હજાર રૂપિયા અમારી નજર સામે ચોરાઈ ગયા !

અનુસંધાન પેજ નં. ૫ ઉપરનું

બનીને સ્થિરતા-શાંતિ ધારણ કરીને આ બધી મુશ્કેલીઓને પી જવી અને સતત પ્રયોગરૂપી સમુદ્રમંથન ચાલુ રાખવું, જે છેલ્લે અમૃતપ્રાપ્તિ અવશ્ય કરાવશે જ એવી શ્રદ્ધા રાખવી.

ભક્તજનોની શ્રદ્ધાના અનંત પ્રકાર હોવાથી આ પ્રયોગમાં પણ વૈવિધ્ય જોવા મળશે.

- કોઈ ભક્તજનને ભગવાનનો નામ જપ કરતા કરતા ભગવાનમાં વૃત્તિ જોડાઈ જાય છે.

- કોઈ ભક્તજનો ભગવાનના કીર્તન ગાતા ગાતા ભગવાનનાં સ્વરૂપમાં તલ્લીન થતાં જોવા મળે છે.

- કોઈ ભક્તજનોને સંતોની કથા-વારતા શ્રવણ કરતા કરતા પણ ભગવાનના સ્વરૂપમાં લગની લાગે છે.

- પૂજા કે માનસીપૂજા કરતાં કરતાં અથવા ભગવાનને શણગાર ધરાવતા કે પુષ્પહાર જેવી સેવાઓ કરતાં કરતાં પણ ભગવાનમાં વૃત્તિ જોડી શકાય છે.

- તે જ રીતે વચનામૃતનો સ્વાધ્યાય-અનુષ્ઠાન કરતી વખતે પણ ભગવાનનાં મુખની વાણીમાં જીવની વૃત્તિ તદાકાર થઈ જાય છે.

આ રીતે અનેકવિધ ભક્તિભાવથી ભગવાનનાં સ્વરૂપમાં વૃત્તિ જોડવાનો પ્રયાસ શ્રદ્ધાવાળા ભક્તો કરતા રહે અને આવો પુરૂષપ્રયત્ન સતત ચાલુ રાખે તો અખંડ વૃત્તિનો અનુભવ પામીને ભક્તજન ધન્યતાનો અનુભવ કરે છે.

ભગવાનનાં સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવા માટે થોડો બેસવાનો અભ્યાસ, પોતાનાં મનને જોવાનો અભ્યાસ અને હાલતા-ચાલતા, ખાતા-પીતા, હરતા-ફરતા વિવિધ ક્રિયાઓમાં ભગવાનનું નામસ્મરણ અને ભગવાનનાં સ્વરૂપનું અનુસંધાન કરવાનો અભ્યાસ ઉપયોગી નીવડે છે.

શ્વેતકેતુ - ઉદ્દાલક

- રમણીકભાઈ રૂપારેલિયા

છાંદોગ્ય ઉપનિષદ, ઈશાદિ દશ ઉપનિષદોમાંનું એક ઉપનિષદ છે. તેમાં શ્વેતકેતુ - ઉદ્દાલકનો એક પ્રેરક પ્રસંગ છે. ઉદ્દાલક નામે એક મુનિ હતા. તેમનો શ્વેતકેતુ નામે પુત્ર હતો. ગુરુના આશ્રમમાં રહીને બાર વર્ષ અભ્યાસ કરવો એ આપણી પ્રાચીન પરંપરા હતી. લવ-કુશે પણ વાલ્મિકી ઋષિના આશ્રમમાં રહીને જ વિદ્યા પ્રાપ્ત કરી હતી. શ્રીકૃષ્ણ-સુદામાએ પણ ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીના કિનારે સાંદીપનિ મુનિના આશ્રમમાં રહીને જ વિદ્યાભ્યાસ કર્યો હતો. ઉદ્દાલકે પણ શ્વેતકેતુને શાસ્ત્રાભ્યાસ માટે ગુરુના આશ્રમમાં મૂક્યો.

બાર વરસે વ્યાકરણ ભણાય - એ ઉક્તિ અનુસાર શ્વેતકેતુએ અન્ય સહાધ્યાયીઓ સાથે ગુરુના આશ્રમમાં રહીને બાર વર્ષે વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો. સમાવર્તન સંસ્કાર બાદ વિદ્યાગુરુ પાસે અનુમતિ મેળવી શ્વેતકેતુ પોતાના ઘેર પાછો ફર્યો. 'વિદ્યા દદાતિ વિનયમ્' એ ન્યાયે એનામાં વિનય-વિવેક-નમ્રતા જેવા સદ્‌ગુણોને બદલે થોડો ઘમંડ અને અવિવેકભર્યું વર્તન જોઈ ઉદ્દાલક થોડા ચિંતિત હતા.

એકવાર પિતા ઉદ્દાલકે પુત્ર શ્વેતકેતુને પૂછ્યું, "શ્વેતકેતુ! તું એવું શું ભણ્યો છે કે વિદ્યાનું લક્ષણ વિનય તો તારામાં નથી ? વળી તારું વર્તન પણ અનુચિત છે. તો તું મારા એક પ્રશ્નનો જવાબ આપ કે તું એવાં એક તત્ત્વને જાણે છે કે જે એકને જાણી લેવાથી આ બધું જાણી શકાય છે!" (એકેન વિજ્ઞાતેન ઈદં સર્વં વિજ્ઞાતં ભવતિ) ઉદ્દાલકનો મર્મભર્યો પ્રશ્ન સાંભળી શ્વેતકેતુ અનુત્તર રહ્યો. પૂછાયેલા પ્રશ્નનો અપેક્ષિત ઉત્તર હતો, સર્વવ્યાપી બ્રહ્મતત્ત્વ. આ એક બ્રહ્મને જાણી લેવાથી આ બધું જ જાણી લેવાય છે, પણ શ્વેતકેતુ પ્રશ્નનો ઉત્તર આપી શક્યો નહીં.

શ્વેતકેતુનો અહં ઓગળી ગયો. પિતાના પ્રશ્નનો ઉત્તર અપી શકે તેમ નહોતો. શ્વેતકેતુ નરમ પડતાં પિતા ઉદ્દાલકે તેને પાણી ભરેલો એક પ્યાલો લાવવા કહ્યું. પ્યાલામાં મીઠાને એક ગાંગડો નાખવા કહ્યું. શ્વેતકેતુ એમ કરવા પાછળું રહસ્ય સમજી ન શક્યો. ઉદ્દાલકે મીઠું ઉમેરેલો પાણીનો પ્યાલો લઈ જઈ, બીજે દિવસે એ જ પાણીના પ્યાલા સાથે આવવા કહ્યું.

પિતાની આજ્ઞા અનુસાર શ્વેતકેતુ બીજા દિવસે મીઠું ઉમેરેલો પ્યાલો લઈ પિતા સમક્ષ હાજર થયો, ત્યારે ઉદ્દાલકે પુત્રને ગઈકાલે આપેલો મીઠાનો ગાંગડો પાછો આપવા કહ્યું. શ્વેતકેતુ એ મીઠાનો ગાંગડો ક્યાંથી આપે ? એ તો ગઈકાલે જ પાણીના પ્યાલામાં સંપૂર્ણ ઓગળી ગયો હતો. હવે એનું અલગ અસ્તિત્વ જ નહોતું. શ્વેતકેતુએ ગઈકાલનો એ મીઠાનો ગાંગડો પરત આપવા અસમર્થતા જણાવતાં કહ્યું, "પિતાજી! એ મીઠાનો ગાંગડો તો આ પ્યાલાના પાણીમાં સંપૂર્ણ ઓગળી ગયો છે. મીઠું પાણીમાં ભળીને એકરસ થઈ ગયું છે. હવે એનું અલગ અસ્તિત્વ જ નથી રહ્યું, તો તે હવે કેમ હાથ લાગે ?"

પછી ઉદ્દાલકે શ્વેતકેતુને પાણીના એ પ્યાલામાંનું ઉપરથી થોડું, વચ્ચેથી થોડું અને તળિયેથી થોડું પાણી પીવા કહ્યું. શ્વેતકેતુએ તેમ કરતાં ઉદ્દાલકે પૂછ્યું, "પાણી સ્વાદમાં કેવું લાગ્યું ?" શ્વેતકેતુએ કહ્યું, "બધું પાણી ખારું છે." ત્યારે ઉદ્દાલકે કહ્યું કે, "જેમ પ્યાલાના સમગ્ર પાણીમાં મીઠું

રહેલું છે, પણ તે નરી આંખે દેખાતું નથી, માત્ર સ્વાદથી અનુભવાય છે એટલે એમાં મીઠું નથી એમ પણ નહીં કહી શકાય. આ અખિલ બ્રહ્માંડમાં પરમ તત્ત્વ બ્રહ્મ પરમાત્મા સર્વત્ર વ્યાપીને રહેલો છે, પણ તે ચર્મચક્ષુથી કે સ્થૂળ દૃષ્ટિથી દેખાતો નથી. પ્યાલામાંના પાણીમાં બધે જ મીઠું રહેલું છે તે સ્થૂળ દૃષ્ટિથી દેખાતું નથી, પણ તે પાણી પીવાથી ખારાશ અનુભવી શકાય છે અને તે ખારાશ જ મીઠાના અસ્તિત્વનું પ્રમાણ છે. કોઈ એમ કહી ન શકે કે પ્યાલામાંના પાણીમાં મીઠું નથી. મીઠાનો સ્વીકાર તો કરવો જ રહ્યો. એવું જ પરમાત્મા વિશે સમજવાનું છે.''

સાદા અને સ્થૂળ જણાતા આ દૃષ્ટાંતમાં કેવું ગહન જ્ઞાન સમાયેલું છે ! સર્વેશ્વરનાં સર્વવ્યાપીપણાને સમજવા માટે પિતા પુત્રનો આ પ્રસંગ પર્યાપ્ત છે.

શ્વેતકેતુના મદ અને ઘમંડનો પારો ઝડપથી નીચે ઊતરી ગયો. અત્યંત વિનમ્ર-વિવેકી બની ગયો.

વળી એકવાર પિતા ઉદ્દાલકે પુત્ર શ્વેતકેતુને સમજાવતા કહ્યું કે, ''એક માટીને જાણી લેવાથી તેમાંથી બનતા વિવિધ ઘાટ ઘડો, કોડિયું, નળિયું વગેરેને જાણી લેવાય છે. માટીના બનાવેલાં સાધનોના આકાર અને નામ જુદાં છે, પણ બધા ઘાટ બન્યા છે એક જ માટીમાંથી. માટી જ એ બધાનું ઉપાદાન કારણ છે. કુંભાર તો માત્ર નિમિત્ત કારણ છે. ઘાટ ઘડાયા પહેલા પણ માટી હતી અને ઘાટ ઘડાયા પછી પણ માટી જ છે. આ માટી સત્ય છે, ઘાટ-આકાર મિથ્યા છે. સોનું અને સોનામાંથી બનતા ઘાટ-ઘરેણાંની વાતથી પણ સમજી શકાય તેમ છે. એક માટી અને સોનાને માત્ર ઓળખી લેવાથી, જાણી લેવાથી તેમાંથી બનતા બધા જ ઘાટ, આકાર, વાસણો કે ઘરેણાંને જાણી લેવાય છે. આકાર અને નામ સત્ય નથી, માટી અને સોનું સત્ય છે. સમગ્ર સૃષ્ટિમાં જે કંઈ જડ- ચેતન સૃષ્ટિ, પદાર્થો દેખાય છે તે સર્જન સત્ય નથી. સર્જનહાર જ સત્ય છે. બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. ઉપનિષદના આ ગહન જ્ઞાનને ભક્તકવિ નરસિંહ મહેતા સામાન્ય માણસ પણ સમજી શકે તેવા સરળ શબ્દોમાં વર્ણવે છે, ''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ...'' અને

''ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હોય હોયે.''

અંતે, પરમેશ્વર વિના આ જગતની બધી રસોઈ ફીકી છે. દૂધમાં સાકર અને સમુદ્રજળમાં મીઠું છે તે અદૃશ્ય છે, પરંતુ અનુભવગમ્ય છે. રસોઈમાં ગળપણ વગર ચાલે, પણ મીઠા વગર ન ચાલે. ●

અનુસંધાન પેજ નં. ૧૦ ઉપરનું

અધ્યાત્મમાર્ગે ચાલનારા મુમુક્ષુઓ માટે ભક્તિ અને ઉપાસનાનો ભેદ સમજવો આવશ્યક છે. શ્રીજી મહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૪૦મા વચનામૃતમાં કહે છે,

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥

એવી રીતે નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ અને ઉપાસના તો તેને કહીએ જે ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા.

ઉપાસનાએ કરીને જીવનું કલ્યાણ થાય છે. કેટલાક જીવો તામસી દેવી-દેવતાઓની ઉપાસના કરે છે, કેટલાક જીવો રાજસી દેવી-દેવતાઓની તો કેટલાક સાત્ત્વિક દેવી-દેવતાઓની ઉપાસના કરે છે. મુમુક્ષુઓ નાના-મોટા દેવી-દેવતાઓની ઉપાસનામાં અટવાઈ જાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં વેદ પ્રતિપાદિત પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની સર્વોપરી શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી છે.

એ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કોણ છે ? તો શ્રીજી મહારાજ ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા વચનામૃતમાં કહે છે, 'ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે...સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિશે પ્રગટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઇષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ ભેદ નથી, એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.'

શ્રીજી મહારાજ પ્રબોધિત ઉપાસનામાં નાના-મોટા દેવી-દેવતાઓ કે અક્ષરબ્રહ્મનો પણ સમાવેશ નથી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ ઉપાસનાના મર્મને સમજાવતા કહે છે કે, 'અક્ષરધામમાં બે ચરણારવિંદની ઉપાસના છે, ચારની નહીં.' ●

વચનામૃત આધારિત વિવિધ સ્પર્ધાઓ

૧. વચનામૃત પોસ્ટર ક્રિએશન કોમ્પિટિશન

૨. વચનામૃત નિબંધ સ્પર્ધા ૩. વચનામૃત વક્તૃત્વ સ્પર્ધા

SGVP ગુરુકુલ પરિવારના તમામ સભ્યોને જાણીને આનંદ થશે કે તારીખ ૧થી ૭ ઓગષ્ટ દરમિયાન શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ઉજવાનાર ૪૩માં જ્ઞાનસત્ર પ્રસંગે આયોજિત વિવિધ કાર્યક્રમોમાં વચનામૃત સ્પર્ધાઓનું વિશિષ્ટ અને પ્રોત્સાહક આયોજન કરવામાં આવ્યું છે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી અને પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર વચનામૃત દ્વિશતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં SGVP ગુરુકુલ પરિવારના વિદ્યાર્થીઓ, ઋષિકુમારો, વિદ્યાભ્યાસ કરી રહેલા સંતો-પાર્ષદો તેમજ બાળમંડળ-યુવા મંડળના તમામ સભ્યો-ભક્તજનો જ્ઞાનસત્ર દરમિયાન વચનામૃત આધારિત સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લઈને પ્રોત્સાહન, પ્રેરણા, ઈનામની સાથે શ્રીજી મહારાજ અને સંતોનો રાજીપો પ્રાપ્ત કરી શકશે.

વચનામૃત આધારિત પોસ્ટર્સ ક્રિએશન કોમ્પીટીશન (ફક્ત બહેનો માટે)

આ સ્પર્ધામાં વચનામૃતનાં કોઈપણ પ્રેરણાદાયક સૂત્રને પસંદ કરીને તેનું ચિત્ર સુશોભન નક્કી કરેલા પેપર પર તૈયાર કરીને તારીખ ૨૫ જુલાઈ ૨૦૧૯ સુધીમાં કાર્યાલયમાં જમા કરાવવાનું રહેશે. વિશેષ માહિતિ માટે સંપર્ક : મો. ૯૬૮૭૬ ૧૫૦૩૦



વચનામૃત નિબંધ સ્પર્ધા (કોઈપણ ભાગ લઈ શકશે.)

નિબંધના વિષયો : -૧. 'વચનામૃત શીખવે છે જીવન જીવવાની કળા'
૨. 'વાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું' ૩. 'મારુ મનપસંદ વચનામૃત'

(નિબંધ ૫૦૦ થી ૬૦૦ શબ્દોમાં લખી ૨૦ જૂલાઈ સુધીમાં જમા કરાવવો.
આ સ્પર્ધા બહેનો અને ભાઈઓની અલગ થશે.)

વચનામૃત વક્તૃત્વ સ્પર્ધા

સ્પર્ધાના વિષયો : ૧. 'મારી દ્રષ્ટિએ વચનામૃત સરળ છે'
૨. 'મારી દ્રષ્ટિએ વચનામૃત અઘરુ છે'

(સ્પર્ધામાં સ્પર્ધકે ચારથી પાંચ મિનિટ બોલવાનું રહેશે.
આ સ્પર્ધા બહેનો અને ભાઈઓની અલગ થશે.)

- દરેક સ્પર્ધાનું ભાષા માધ્યમ ગુજરાતી રહેશે. - પોસ્ટર્સ ક્રિએશન તથા નિબંધ લેખન સ્પર્ધામાં પસંદ થયેલા પોસ્ટર્સ અને નિબંધ જ્ઞાનસત્ર દરમિયાન પ્રદર્શિત કરવામાં આવશે. વક્તૃત્વ સ્પર્ધામાં પસંદ થયેલા સ્પર્ધકોની સ્પર્ધા જ્ઞાનસત્ર દરમિયાન કરવામાં આવશે. વિજેતા થયેલા સ્પર્ધકોને સદ્‌ગુરુ સંતોના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવશે.
વિશેષ માહિતિ માટે સંપર્ક : બહેનો માટે - મો. ૯૬૮૭૬ ૧૫૦૩૦, ભાઈઓ માટે મો. ૯૦૩૩૭ ૧૭૧૯૬.

સમાચાર દર્શન

આમ્રોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણના 'સર્વજીવહિતાવહ' સંદેશાને ફળિભૂત કરતી ગુરુકુલ સંસ્થા દ્વારા સતત નવા નવા સેવાકાર્યો ચાલતા રહે છે. એ સેવાકાર્યોની સાથે ઉત્સવને જોડી દેવો એ ગુરુકુલ અને એમના સંતોની મોટી ખાસીયત છે. ભગવાનના ભક્તો પોતાની ભક્તિ-શ્રદ્ધા ભગવાન પાસે રજુ કરે અને એ જ ભક્તિ-શ્રદ્ધા જ્યારે નાનામાં નાના માણસ સુધી પહોંચે ત્યારે ખરી રીતે ભગવાનની સેવા થઈ ગણાય. માટે જ ગુરુકુલ દ્વારા થતા અન્નકૂટોત્સવ, આમ્રોત્સવ વગેરે ઉત્સવો જે રીતે ઉજવાય છે, એનાથી સર્વવ્યાપી પરમાત્મા અચૂક રાજી થતા હશે.

ઉનાળાનો સમય એટલે ફળોનો રાજા કેરીની મોસમ. આજના આ મોંઘવારીના સમયમાં ગરીબ વ્યક્તિ માટે આ ફળને ખરીદવું મુશ્કેલ પડે. ત્યારે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી ગુરુકુલમાં અનોખો આમ્રોત્સવ ઉજવાયો. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે તારીખ ૨-જૂનના રોજ ભવ્ય આમ્રકૂટોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ મહોત્સવમાં અમદાવાદ, કચ્છ, ઉના, રાજકોટ વગેરે જુદા જુદા શહેરોમાથી ભક્તજનોએ મોકલેલી ૭૫૦૦ કિલો ઉપરાંત કેરીઓ શ્રી ઘનશ્યામ મહારાજને ધરાવવામાં આવી. ત્યારબાદ આ પ્રસાદરુપ કેરીઓ ગરીબોને વહેંચવામાં આવી. કાળા તડકામાં તનતોડ મહેનત કરતા દરિદ્રો અને એમના નાનાં નાનાં બાળકોને જ્યારે કેરી જમતા જોયા ત્યારે સ્વયંસેવકોની આંખો ભીંજાય ગઈ. વૃદ્ધાશ્રમમાં નિવાસ કરતા વૃદ્ધો પાસે જઈ યુવાનો એમને કેરી જમાડતા હોય એ દશ્યો ખરેખર હૃદયને સ્પર્શી જાય તેવાં હતાં.

આ ઉપરાંત આ જ રીતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે પણ પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીના સાનિધ્યમાં આમ્રોત્સવ ઉજવાયો હતો. જેમાં શ્રી કષ્ટભંજન દેવની આગળ ૨૦૦૦ કિલો કેરી ધરાવવામાં આવી હતી. એ કેરીઓ પણ આસપાસના ગામડાઓમાં વસતા નાનાં નાનાં માણસો સુધી પહોંચાડી હતી.

સાથે સાથે તાજેતરમાં સવાનાહ ગુરુકુલ ખાતે નૂતન પ્રતિષ્ઠિત દેવોના સાનિધ્યમાં પણ આમ્રોત્સવું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તજનોએ પધારી આમ્રોત્વનો લાભ લીધો હતો.

ગુરુકુલ પ્રિમીયર લીગ - GPL-9

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ **SGVP** ખાતે તારીખ ૨૪ એપ્રિલથી ૭ જૂન દરમિયાન **SGVP SURYA SPORTS ACADEMY** દ્વારા **GPL-9** (ગુરુકુલ પ્રિમીયર લીગ)ઓલ ઈન્ડીયા ઓપન ડે-નાઈટ ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ તથા લેધર બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બન્ને ટૂર્નામેન્ટમાં ૨૦૦ ઉપરાંત ટીમોએ ભાગ લીધેલ, જેની ફાઈનલ તારીખ ૭ જૂનના રોજ રમાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમને બે લાખ એકાવન હજાર રૂપિયા, ટ્રોફી તથા રનર્સ અપ ટીમને દોઢ લાખ રૂપિયા તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત તૃતીય, ચતુર્થ સ્થાને રહેલ ટીમ, મેન ઑફ ધી મેચ, બેસ્ટ બોલર તથા બેસ્ટ બેટ્સમેનને રોકડ ઈનામ તથા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં કુલ મળીને પંદર લાખ ઉપરાંત રકમના ઈનામો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ વિજેતા ટીમને અભિનંદન પાઠવી સંસ્થાની પ્રવૃત્તિની માહિતિ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત આદરણીય એ.કે. જાડેજા.એ (આઈ.પી.જી.) સંસ્થાના આ કાર્યને ખૂબ બિરદાવ્યું હતું. અંતે ટૂર્નામેન્ટના મુખ્ય સ્પોન્સર વિજય કન્ટ્રકશન-સીશલ્સના માલિક શ્રી વિશ્રામભાઈ પટેલને યાદ કરી એમનો આભાર માન્યો હતો. આ સમગ્ર ટૂર્નામેન્ટનું સફળ આયોજન પૂજ્ય શાસ્ત્રી શ્રી કુંજવિહારીદાસજી સ્વામી તથા સ્વયંસેવકોએ કર્યું હતું.

• કેસ્ટોબોલ કોમ્પીટીશન, રીબડા ગુરુકુલ •

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રીબડા-રાજકોટ ખાતે ગુજરાત કેસ્ટોબૉલ (**Cestoball**) એસોસીએશન દ્વારા ફર્સ્ટ સિનીયર કેસ્ટોબોલ નેશનલ ચૅમ્પીયન કોમ્પીટીશનનું આયોજન તા. ૨૭ થી ૨૯ એપ્રિલ દરમ્યાન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભારતના ૨૩ રાજ્યોમાંથી ૪૮૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટનાં ઉદ્‌ઘાટનમાં પૂજ્ય માધવચરણદાસજી સ્વામી, શાસ્ત્રી વેદાંતસ્વરુપદાસજી સ્વામી, કોઠારી શ્રી હરિનંદનદાસજી સ્વામી, શ્રી જયવીરભાઈ ખાચર (ચોટીલા), શક્તિસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા (રીબડા), ચંદુબાપુ દેશાણી (મામાદેવ મંદિર, ગોંડલ) વગેરે મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં ખૂબ ઓછી પ્રસિદ્ધ પામેલી આ નવી ગેમ્સનું આયોજન ગુરુકુલના વિશાળ પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું. કેમ્પસમાં વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓથી દેશભરમાંથી આવેલા ખેલાડીઓ તથા એમના પ્રશિક્ષકો ખૂબ જ પ્રભાવિત થયા હતા. સંસ્થા વતી પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામીએ તમામ ખેલાડીઓનું સ્વાગત કરી સંસ્થાની પ્રવૃત્તિ તથા સંતોની સેવાનો પરિચય આપ્યો હતો.

• વચનામૃત પર્વ, વડતાલ •

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ખાતે દર પૂર્ણિમાના રોજ વચનામૃત પર્વનું આયોજન કરવામાં આવે છે. જેમાં સંપ્રદાયના વિવિધ મંડળો દ્વારા આ પર્વની ઉજવણી થાય છે. તારીખ ૧૭ જૂન, જેઠ સુદી પૂર્ણિમાના રોજ જીર્ણ્ફ ગુરુકુલ પરિવાર દ્વારા આ પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. વડતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેન શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી તથા કોઠારીશ્રીના આમંત્રણને સ્વીકારી પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની સાથે પચાસ જેટલા સંતો, ઋષિકુમારો તથા મોટી સંખ્યામાં ભક્તજનો આ પર્વમાં જોડાયા હતા.

વહેલી સવારે ઠાકોરજીની મંગળા આરતી બાદ સભામંડમાં યોજાયેલ વચનામૃત સત્રની સભાના પ્રારંભે 'દર્શનમ્'ના પંડિતો તથા ઋષિકુમારોએ મંત્રગાન કર્યું હતું. ત્યારબાદ પૂજ્ય શામજીભગતે વચનામૃત ગ્રંથની મહત્તા સમજાવી ગ્રંથને જીવન સાથે કઈ રીતે વણી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. પાર્ષદ ઉદયભગતે સભાજનો દ્વારા વડતાલના વચનામૃતોમાંથી પૂછાયેલા પ્રશ્નોના સચોટ જવાબ આપી સંતો-ભક્તોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ વચનામૃતના આધારે મહારાજની પ્રાપ્તિનો કેફ કઈ રીતે વધે એ અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય ધર્મપ્રિયસ્વામી (બાપુસ્વામી), પૂજ્ય દેવપ્રકાશ સ્વામીએ મંગલ ઉદ્‌બોધન કરી ભક્તજનોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. સભાના અંતે વચનામૃત ગ્રંથનું પંચોપચાર પૂજન કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગે ખાસ સભામાં ઉપસ્થિત પૂજ્ય લાલજી મહારાજ શ્રી સૌરભપ્રસાદજી મહારાજે ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને અભિનંદન પાઠવ્યા હતા. આજ રોજ ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, લક્ષ્મીનારાયણ દેવ વગેરે દેવોને ચંદનના વાઘા તથા ઠાકોરજીને થાળ અને સંતો-ભક્તોને રસોઈ ગુરુકુલ પરિવાર દ્વારા રાખવામાં આવી હતી.

•સત્સંગયાત્રા, કેનેડા•

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સંતમંડળ સાથે કેનેડાની યાત્રાએ પધાર્યા હતા. અહીં ટોરંટો, કેલગીરી, વાનકુંવર, એડમીંટન, રજાઈના વગેરે શહેરોમાં સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિનીપેગ : અહીંના હિન્દુ મંદિર ખાતે ત્રિદિનાત્મક શ્રીમદ્ ભગવત્‌ગીતા ઉપર પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનીક ભક્તજનોએ હિન્દુ મંદિર ખાતે પૂજ્ય સ્વામીજીનું સ્વાગત કર્યું હતું. અહીં યોજાયેલ ત્રિદિવસીય ભગવત્‌ગીતા કથાપારાયણ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ ભક્તિયોગ ઉપર મનનીય પ્રવચનનો લાભ આપ્યો હતો. ઉપરાંત પૂજ્ય સ્વામીજીની સાથે પધારેલા શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજીએ પ્રસંગોપાત કથાવાર્તાનો લાભ આપ્યો હતો. શાસ્ત્રી શ્રી દર્શનપ્રિયદાસજી સ્વામી તથા પાર્ષદ ઘનશ્યામભગતના કંઠે ગવાયેલા કીર્તનો સાંભળી સૌ ભક્તો ભક્તિરસમાં તરબોળ થયા હતા. ઉત્સાહિ ભાઈ-બહેનોએ કથામાં પધારતા ભક્તજનો માટે

ભોજન-પ્રસાદની તમામ વ્યવસ્થા સંભાળી લીધી હતી.

કેલગરી : અહીં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ ઉપસ્થિત રહી કથાવાર્તાનો લાભ લીધો હતો. પૂજ્ય સ્વામીજીએ અહીં ભક્તિની દૃઢતા વિષય ઉપર મનનીય પ્રવચન આપ્યું હતું.

રજાઈના તથા વાનકુંવર : અહીંના હિન્દુ સનાતન ટેમ્પલ ખાતે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

એડમીંટન : અહીંના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ત્રિદિવસીય સત્સંગ ઉત્કર્ષ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્વીફ્ટકરંટ, સાસ્કાટુંન, વર્નન, કેલોના, લોઈડ મીન્સ્ટર, ઓલ્ડ્સ વગેરે શહેરોમાં પણ સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રદ્ધા સુમન

અ.નિ. પ.ભ. શ્રી પંકજભાઈ પ્રેમજીભાઈ ભીમાણી :- અમરેલી નિવાસી પ.ભ. શ્રી પંકજભાઈ ભીમાણી તારીખ ૩૧ એપ્રિલના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા આ પરિવારજનો ખૂબ સારો સત્સંગ રાખે છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના સમયથી આ પરિવારની સેવા અજોડ રહી છે. સંતો-ભક્તોમાં હેત ધરાવતા પંકજભાઈ અક્ષરવાસી થતા સમસ્ત ગુરુકુલ પરિવાર એમના પરિવારને સાંત્વના પાઠવે છે. તથા પંકજભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ અર્પે તથા ભાઈઓ વિનોદભાઈ, રજનીભાઈ, રસિકભાઈ, સુપુત્રો ધવલ તથા અંકિત વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રીટાબેન જીતેન્દ્રકુમાર પટેલ :- કેનેડા નિવાસી અને ગુરુકુલ સાથે જોડાયેલા જીતેન્દ્રકુમાર પટેલના ધર્મપત્ની શ્રી રીટાબેન તારીખ ૧૦ જૂનના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ આ સેવક પરિવારના રીટાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા જીતેન્દ્રભાઈ, સુપુત્ર વિરલ, સુપુત્રી વિશ્રુતી વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પુષ્પાબેન કનૈયાલાલ દવે :- દુબાઈ નિવાસી ગુરુકુલના નિષ્ઠાવાન સેવક શ્રી પ્રકાશભાઈ દવેના માતુશ્રી પુષ્પાબેન દવે ૮૫ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પરિવારની સેવા અવર્ણનીય છે. પરિવારના સભ્યોની મહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ અજોડ છે. જાણે કે આખા પરિવારમાં કોઈ મુક્તો પધાર્યા હોય એવું લાગે. આવા ભક્ત પરિવારના માતુશ્રી પુષ્પાબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર પ્રકાશભાઈ, પૌત્ર અપૂર્વ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

શ્રી લાભુબેન રણછોડભાઈ પટેલ તથા
વસંતીબેન લાલજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રેમચંદભાઈ વિરજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી તન્મયભાઈ ધીરુભાઈ પટેલ, સુરત
અ.નિ. શ્રી રેખાબેન દીપકભાઈ શેઠ, અમદાવાદ
અ.નિ. શ્રી જયદેવ લાલજીભાઈ માધાણી, ભારાસર
પ.ભ. શ્રી રમેશભાઈ મકવાણા, કોલાપુર
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ ગોહેલ, અમદાવાદ
અ.નિ. શ્રી જસવંતીબેન પ્રીતમલાલ જસાણી, અમદાવાદ
પ.ભ. શ્રી આકાશકુમાર પ્રેમજીભાઈ પટેલ, અમદાવાદ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. ડૉ. શ્રી હરિશભાઈ ઠક્કર, અમદાવાદ
પ.ભ.શ્રી બલભદ્રસિંહજી દિલીપસિંહજી ચુડાસમા, ગાંધીનગર
પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ મગનભાઈ પટેલ
હ. ભરતભાઈ પટેલ, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૪/૭/૧૯, ગુરુવાર : **રથયાત્રા મહોત્સવ :** બપોરે ૨:૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલથી પ્રારંભ થશે.
તા. ૦૭/૭/૧૯, રવિવાર : **સુહૃદસભા:** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ
તા. ૧૦/૭/૧૯, બુધવાર : **શ્રીહરિ જયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન.અમદાવાદ ગુરુકુલ
તા. ૧૨/૭/૧૯, શુક્રવાર : **દેવશયની એકાદશી :** આજથી ચાતુર્માસનો પ્રારંભ થતો હોવાથી ભજન-ભક્તિના વિશેષ નિયમ લેવા.
રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, અમદાવાદ ગુરુકુલ.
તા. ૧૬/૭/૧૯, મંગળવાર : **ચંદ્રગ્રહણ :** વેધ : બપોરે ૪ કલાકે, સ્પર્શ : રાત્રે ૧-૩૨ કલાકે, મોક્ષ : રાત્રે ૪-૩૦ કલાકે.
તા. ૨૮/૭/૧૯, રવિવાર : **કામિકા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ.
તા. ૧ થી ૭/૮/૧૯ : **જ્ઞાનસત્ર :** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ૪૩મો જ્ઞાનસત્ર. જ્ઞાનસત્ર દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સત્સંગીજીવન ગ્રંથની કથા કરશે. ઉપરાંત સદ્‌ગુરુ સંતો તથા યુવાન સંતો વ્યાખ્યાનમાળાનો લાભ આપશે. રાત્રિ કાર્યક્રમો : સાંસકૃતિક કાર્યક્રમ, મહિલામંચ, ઠાકરથાળી તથા વચનામૃતની સ્પર્ધા જેવા કાર્યક્રમો યોજાશે.

પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના સાંનિધ્યમાં સત્સંગ સભા, સુરત

નૂતન કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત સંતો-ભક્તજનો- SGVP

પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના સાંનિધ્યમાં સત્સંગ સભા, રીબડા ગુરુકુલ

આમ્રોત્સવ પ્રસંગે સમૂહ આરતી દર્શન, અમદાવાદ ગુરુકુલ

આમ્રોત્સવના પ્રસાદરૂપ કેરીઓનું દરિદ્રનારાયણને વિતરણ કરતા પૂજ્ય સંતો તથા યુવાનો, અમદાવાદ

બાલ સત્સંગ શિબિરમાં ઉપસ્થિત બાળકો, રીબડા ગુરુકુલ

કન્યા વિદ્યાલયની દીકરીઓએ ધોરણ ૧૨માં સો ટકા રીઝલ્ટ પ્રાપ્ત કર્યું.
પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર દીકરીઓનું સન્માન કરતા બહેનો, દ્રોણેશ્વર ગુરુકુલ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

GPL-9 ની પૂર્ણાહુતિ પ્રસંગે ઉપસ્થિત સંતો તથા મહાનુભાવો, વિજેતા ટીમને ટ્રોફી તથા ચેક અર્પણ કરતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી

પૂજ્ય સ્વામીજીની કેનેડા સત્સંગ યાત્રા દરમિયાન કેલગરી, વિનીપેગ, એડમીન્ટન, રજાઈના વગેરે શહેરોમાં યોજાયેલ સત્સંગ સભાઓ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદને આંગણે
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં

ગુરુપૂર્ણિમા મહોત્સવ

તા. ૧૭ જુલાઇ, બુધવાર - ૨૦૧૯
સમય : સાંજે ૪:૦૦ કલાકે

ગુરુ પૂજનના પાવન પ્રસંગે ભવસાગરના તારણહાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ,
પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્યપાદ શ્રી જોગીસ્વામી તથા વિદ્યમાન સદ્‌ગુરુ સંતોનું પૂજન કરવા,
ઋણમુક્ત થવા, જીવનને ધન્ય બનાવવા સૌ સાથે મળીએ.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat